# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-12-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SANSAD KHEL MAHOTSAV

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ જુનાગઢમાં પોરબંદર લોકસભાના સાંસદ ખેલ મહોત્સવ 2025ના ફિનાલેને શક્તિના પ્રતિકરૂપ ગદા દર્શાવી આજે ખૂલ્લો મુક્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, સંસ્કૃતિ અને જીવનશૈલીનો ભાગ એવી રમતોથી ખેલાડીઓનું વ્યક્તિત્વ ખીલે છે. દરેક નાગરિક સ્વસ્થ રહે તે માટે રમત રમવી જરૂરી હોવાનું પણ તેમણે ઉંમેર્યું હતું.

(BYTE: DR. MANSUKH MANDAVIYA)

આ સમારોહમાં વર્ચ્યૂઅલી ઉપસ્થિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આ મહોત્સવના માધ્યમથી દેશભરમાં હજારો પ્રતિભાશાળી ખેલાડીઓ ઉભરી રહ્યા છે. વર્ષ 2030માં જ્યારે ભારત, અમદાવાદમાં રાષ્ટ્રમંડળ રમતની યજમાની કરશે ત્યારે સમગ્ર વિશ્વ ભારત તરફ જોશે તેમ પણ તેમણે ઉંમેર્યું.

. . . . . . . . . . . . .

# C.R.PATIL SURAT

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિત્તે, કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે સુરતના ચોક બજાર વિસ્તારમાં લાલ કિલ્લા

ખાતે એક આર્ટ ગેલેરીનું ઉદ્ઘાટન કર્યું. ગેલેરીમાં વાજપેયીના જીવન પ્રવાસને દર્શાવતી છબીઓ પ્રદર્શિત કરાઇ છે. કાર્યક્રમ બાદ શ્રી પાટીલે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : સી આર પાટીલ, કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . .

# CM SUSHASHAN DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ સાથે મળીને વિકસિત ભારત વિકસિત ગુજરાતના નિર્માણમાં યોગદાન આપે તેવું અધિકારીઓ અને કર્મચારીઓને આહ્વાન કર્યું. ગાંધીનગરમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીની જન્મજયંતીએ સુશાસન દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે સુશાસન દિવસની ઉજવણી માત્ર એક દિવસ સુધી મર્યાદિત ન રહે અને જનસુખાકારીનું ચિંતન કરવા પણ જણાવ્યું.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે શ્રી પટેલે સીએમ ફ્લો મોનિટરીંગ પૉર્ટલનું લોકાર્પણ, સીએમ ડૅશબૉર્ડ અંતર્ગત રિયલ ટાઈમ પર્ફોર્મન્સ મૅઝરમૅન્ટ સિસ્ટમ 2.0નો વ્યાપ વધારવાની પહેલના પ્રારંભ સહિત સુશાસનની વિવિધ નવી પહેલનો પ્રારંભ કરાવ્યો.

. . . . . . . . . . . . .

]

# SUSHASAN DIVAS - OVERALL

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વર્ગીય અટલબિહારી વાજપેયીની આજે 101મી જન્મજયંતી નિમિત્તે વિવિધ જિલ્લાઓમાં પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો.

ભરૂચમાં  જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સુશાસન દિવસ નિમિત્તે સ્વર્ગીય અટલબિહારી વાજપેયીની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા.

પાટણમાં અટલ સ્મૃતિ દિવસ નિમિતે સ્વર્ગીય અટલબિહારી વાજપેયીની પ્રતિમાને પુષ્પાંજલી અપાઇ. જ્યારે કચ્છના ભુજમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય સહિતના મહાનુભાવોએ તેમને યાદ કર્યા.

. . . . . . . . . . . . .

# KANKARIY KARNIVAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ કરાવશે..આગામી 31 ડિસેમ્બર સુધી યોજાનારા કાર્નિવલમાં દરરોજ સાંજે વિવિધ કલાકારો પોતાની કળાની પ્રસ્તુતિ કરશે. તેમજ કાર્નિવલમાં વિવિધ આકર્ષણ પણ જોવા મળશે.

. . . . . . . . . . . . .

# JETHA AHIR RESIGN

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા આહીરે આજે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે અન્ય હોદ્દાના કામની વ્યસ્તતાના કારણે તેઓએ રાજીનામું આપ્યું છે. શ્રી આહીરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું સોંપ્યું છે.

. . . . . . . . . . . . .

# PANCHAMAHAL GRAM SABHA

વિકસિત ભારત –-G RAM G અધિનિયમ, 2025” અંગે જાગૃતિ ફેલાવવા પંચમહાલ જિલ્લાના ગોધરાના સાંપા ગામે ગ્રામસભાનું આયોજન કરાયું. ગામના સરપંચ ઉદેસિંહ પગીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ ગ્રામસભામાં નવા અધિનિયમની મુખ્ય જોગવાઈઓ અંગે ગ્રામજનોને વિગતવાર માહિતી અપાઈ. ગ્રામસભામાં જણાવાયુ કે VB-G RAM G અધિનિયમ, 2025 હેઠળ ગ્રામ્ય પરિવારોને દર વર્ષે 125 દિવસની કાયદેસર રોજગારીની ગેરંટી અપાશે. કામ માંગ્યા બાદ રોજગાર ન મળે તો બેરોજગારી ભથ્થું પણ ચૂકવાશે.

. . . . . . . . . . . . .

# MEHSANA KRUMINASHAK

મહેસાણા જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા ઘેટાં બકરામાં કૃમિનાશક કાર્યક્રમ શરૂ કરાયો હતો. જેમાં એક લાખ 22 હજાર કરતા વધુ ઘેટાં બકરાને કૃમિ નાશક દવાઓ પીવડાવી રોગથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. કૃમિથી ઘેટાં બકરામાં વિવિધ રોગ થાય છે, ત્યારે તેઓને સુરક્ષિત કરવા 102 પશુધન નિરીક્ષક અને 21 પશુ ચિકિત્સા અધિકારી ફરજમાં જોડાયા હતા. જિલ્લામાં સૌથી વધુ કડી તાલુકામાં 22 હજાર કરતા વધુ ઘેટાં બકરાને દવા અપાઈ છે.

. . . . . . . . . . . . .